

# શ્રી મંદિરજી કળશ મહોત્સવ કીર્તન



હે મારા મંદિરજીનાં શિખરજી પર બ્રહ્મજ્યોતિ કળશ રૂડા ઝળહળિયા,
અમારાં જીવતરિયાં ધન્ય થાય વ્હાલા યોગીજીના રાજીપાના ધજા ફરક્યા.

હે મારા મંદિરજીનાં...

અક્ષર–પુરુષોત્તમની ઉપાસનાના પ્રથમ કળશ અંબર આંબતા,
બીજા કળશ પ્રભુઆજ્ઞા રૂપી રૂડા ઊંચેરા જીવનમાં શોભતા,
સાધુની સંગે પ્રીતિ ત્રીજા કળશરૂપી...(૨) ચોથા કળશ સુહૃદભાવના,
હે... ભક્તિ ભક્તોની કરવા રૂપી નિર્દોષભાવના પાંચમા કળશ રૂડા ઝળહળિયા...

હે મારા મંદિરજીનાં...

આજ આવ્યો ઓચ્છવ અણમોલ સત્સંગ કેરાં પાને સોનેરી અક્ષરે લખાય જો,
યોગીહૃદય મંદિરિયે ચઢિયા કળશ આજે થાયે સાકાર યોગીવાણી જો,
અંબરથી વરસે આજે અમરત મેહુલિયા... (૨) શ્રીજીકૃપા વરસે અપાર જો,
હે... વ્હાલા સાહેબજીના વચનિયે જીવન મારાં એક નહીં સો–સો કુરબાન હો...

હે મારા મંદિરજીનાં...

હે મારા મંદિરજીનાં શિખર પર બ્રહ્મજ્યોતિ કળશ રૂડા ઝળહળિયા,
અમારાં જીવતરિયાં ધન્ય થાય મારા યોગીજીના રાજીપાના ધજા ફરક્યા,
હે... મારા સાહેબજીના વચનિયે જીવન મારાં એક નહીં સો–સો કુરબાન હો...

હે મારા મંદિરજીનાં...

~ સાધુ મનોજદાસ